(૧૧) તમામ માપો જે તે તારીખમાં (measurement for records) નોંધ્યા બાદ એ તમામ આઇટમના ચૂકવણા માટે રનીંગ બીલ/ફાઇનલ બીલના માપો પણ એ જ કોમ્પ્યુટરાઇઝડ માપપોથીમાં સળંગ પાના પર નોંધવાના રહેશે, એને માટે અલાયદી કોમ્પ્યુટરાઇઝડ માપપોથીની ફાળવણી કરવામાં આવશે નહીં. રનીંગ બીલ/ફાઇનલ બીલ માપો જે તે તારીખમાં નોંધ્યા બાદ એજન્સીના એન્જીનીયર અને વિભાગના એન્જીનીયરની સંપૂર્ણ વિગત સાથે સહી કરવાની રહેશે.

(૧૨) કામમાં જથ્થાવધારો થયેલ હોય કે વધારાની આઇટમ કરવામાં આવેલ હોય તો કામના માપો નોંધતી વખતે રીમાર્કસમાં Excess in item અથવા Extra item લખવાની રહેશે.

(૧૩) રનીંગ બીલ/ફાઇનલ બીલના નોંધેલ માપો સાથેની કોમ્પ્યુટરાઇઝડ માપપોથી વિભાગીય કચેરીને ચૂકવણા માટે સાદર કરતી વખતે નાયબ કાર્યપાલક ઇજનેરે માપો ચેકીંગ અંગેનું પ્રમાણપત્ર (આ સાથે નમૂનો સામેલ છે) સાદર કરવાનું રહેશે.

**PROFORMA OF MEASUREMENT CHECKING CERTIFICATE**

This is certified that measurement/field book level checked by me as mentioned below and found correct.

| Sr. No. | Date | Tender Item No. | Page No. | Quantity |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |

(Signature)
Initial
Deputy Executive Engineer
Name of office
Place

(૧૪) રનીંગ બીલ/ફાઇનલ બીલ પાસ કરતા પહેલા કાર્યપાલક ઇજનેરશ્રીએ નિયત ૧૦ ટકાનું ચેકીંગ બતાવવું આવશ્યક હોય કાર્યપાલક ઇજનેરશ્રી માપો ચેકીંગ કર્યા અંગેનું પ્રમાણપત્ર (નમૂનો આ સાથે સામેલ છે) સાદર કરવાનું રહેશે.

**PROFORMA OF MEASUREMENT CHECKING CERTIFICATE**

This is certified that measurement/field book level checked by me as mentioned below and found correct.

| Sr. No. | Date | Tender Item No. | Page No. | Quantity |
|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 |

(Signature)
Initial
Executive Engineer
Name of Division
Place

(૧૫) રનીંગ બીલ/ફાઇનલ બીલ પાસ કરતા પહેલા ડીવીઝન એકાઉન્ટન્ટ જથ્થાની ગણતરી બરાબર કરેલ છે એવું પ્રમાણપત્ર (નમૂનો આ સાથે સામેલ છે) સાદર કરવાનું રહેશે.

**PROFORMA OF ARITHEMATIC CHECKING CERTIFICATE**

This is certified that the calculation of quantity derived by Deputy Executive Engineer is verified by me as mentioned below & found correct.

| Sr. No. | Item No. | Page No. | Quantity |
|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 |

Date:- ............

(Signature)
Initial
Divisional Accountant
Name of Division
Place

(૧૬) રનીંગ બીલ/ફાઇનલ બીલની સંપૂર્ણ ચકાસણી થઇ બાદ બીલ પાસીંગ એન્ડોર્સમેન્ટ કરવાનું રહેશે તથા બીલને લગત તમામ દસ્તાવેજોના પાના નંબરની નોંધ કરવાની રહેશે.

(૧૭) એક રનીંગ બીલનું ચૂકવણું થઇ ગયા બાદ એકાઉન્ટ શાખામાંથી આવી કોમ્પ્યુટરાઇઝડ માપપોથીના આધારે ચૂકવણા કરવાની બાબત પૂર્ણ થયે જે તે બીલ સક્ષમ સ્તરેથી પાસ થયા બાદ કોમ્પ્યુટરાઇઝડ માપપોથી, બીલ, મંજુર થયેલ વાઉચર તથા તમામ પ્રમાણપત્રો વિગેરે દસ્તાવેજોને હાર્ડ કોપી અને સ્કેન/સોફ્ટ કોપીમાં જાળવણી કરવાની રહેશે. ત્યારબાદ એના પછીના રનીંગ બીલ/ફાઇનલ બીલના માપો નોંધવા માટે કોમ્પ્યુટરાઇઝડ માપપોથી પરત નાયબ કાર્યપાલક ઇજનેરને મોકલી આપવાની રહેશે.

(૧૮) તમામ રનીંગ બીલોના પાના નંબર સળંગ આપવાના રહેશે.

(૧૯) દરેક રનીંગ બીલો ચૂકવણા બાદ ફાઇનલ બીલના ચૂકવણા માટે કોમ્પ્યુટરાઇઝડ માપપોથી બાઇડીંગ કરીને વિભાગીય કચેરીમાં સાદર કરવાની રહેશે.

(૨૦) ફાઇનલ બીલ માટે સાદર કરેલ બાઇડીંગ કરેલ કોમ્પ્યુટરાઇઝડ માપપોથીના છેલ્લા પાના પર કુલ કેટલા પાના છે એનું પ્રમાણપત્ર ડીવીઝન એકાઉન્ટન્ટે આપવાનું રહેશે અને કાર્યપાલક ઇજનેરશ્રીએ કાઉન્ટર સહી કરી પ્રમાણિત કરવાનું રહેશે.

નમુનો નીચે મુજબ છે.

**CERTIFICATE**

This is to certify that this Computerized Measurement Book contains Page No.1 to ......

(Signature)
Initial
Divisional Accountant
Name of Division
Place

(Counter Signature)
Initial
Executive Engineer
Name of Division
Place